# ઘેર બેઠા પ્રવચન

પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય મહાબોધિ સૂરીશ્વરજી મ.સા.

## દિપાવલીપર્વ પ્રવચન માળા (પ્રવચન નં.-૨૨)

### છઠ્ઠા આરાનું વર્ણન

**કા**રતક (આસો) માસ અમાવાસ્યાની રાત્રિના બે પ્રહર પૂરા થઈ ગયા હતા. ત્રીજો આરો સમાપ્તિના આરે આવીને ઊભો હતો. સમવસરણમાં છેલ્લા ૧૬ પ્રહરથી દેશના આપતા પ્રભુએ વિરામ લીધો. જાણે ગંગાનો પ્રવાહ થંભી ગયો. જાણે મંદિરનો ઘંટારવ શાંત થઈ ગયો.

પ્રભુની અંતિમ દેશના પૂર્ણ થઈ. રત્નમય સિંહાસન પરથી પ્રભુ ઊભા થયા. સમવસરણના ત્રણ ગઢ પરથી નીચે ઉતરી પરમાત્મા હસ્તિપાલ રાજાની દાણશાળામાં પધાર્યા.

પ્રભુ જ્ઞાનથી જાણે છે... આજની રાત્રી પૂર્ણ થાય એ પૂર્વે જ મારો મોક્ષ થવાનો છે. ગૌતમનો પોતાના પરનો ગાઢ સ્નેહ પણ પ્રભુ જાણે છે. આ સ્નેહ જ ગૌતમના કેવળજ્ઞાનમાં બાધક બને છે, માટે ગૌતમના આ સ્નેહરાગને મારે તોડવો જોઈએ... એમ સમજી પ્રભુએ ગૌતમસ્વામીને નજીકના ગામમાં મોકલી - અંત્યસમયે પોતાથી જુદા પાડવાનો વિચાર કર્યો.

દાણશાળામાં પ્રભુની સામે હજારો શ્રમણો બિરાજમાન હતા. એમાં ગૌતમસ્વામી અગ્રિમપંક્તિમાં શોભી રહ્યા હતા. અનંત કરુણાસાગર પ્રભુએ ગૌતમસ્વામી તરફ પોતાના નયનો સ્થિર કરી કહ્યું : 'ગૌતમ! (ગોયમા!)'

પ્રભુના મુખેથી સંબોધનરૂપે બોલાયેલા આ અંતિમ વખતનો શબ્દ હતો. આ શબ્દ ન હતો પણ રૂપાની ઘંટડીનો રણકાર હતો. આ શબ્દ ન હતો પણ કિનારે અથડાઈને ઉઠેલ સમુદ્રના મોજાનો ઘુઘવાટ હતો. પ્રભુના મુખેથી સ્વનામ શ્રવણ કરતા જ ગૌતમ હર્ષાન્વિત બની ગયા.

વિનયમૂર્તિ ગોતમની રોમરાજી વિકસિત થઈ ગઈ. ગૌતમ પ્રભુની નજીક સર્યા. બે હાથ જોડી, મસ્તક નમાવી પ્રભુના ચરણોમાં ઉપસ્થિત થયા. અત્યંત મૃદુસ્વરે તેઓ બોલ્યાઃ 'ભંતે! કૃપા કરો, આજ્ઞા કરો.'

પ્રભુએ કહ્યુંઃ 'પાસેના ગામમાં દેવશર્મા નામનો બ્રાહ્મણ રહે છે. એ તમારા દ્વારા બોધ પામવાનો છે, માટે એના કલ્યાણાર્થે તમારે ત્યાં જવાનું છે.'

જેવો આપનો આદેશ, પ્રભો! હું ધન્ય બની ગયો. આપે મારા પર અનંત કૃપા કરી.' પ્રભુને મસ્તક નમાવી ગુરુ ગૌતમ દાણશાળામાંથી બહાર નીકળ્યા. ચારજ્ઞાનના ધણી ગૌતમને ખ્યાલ નથી કે આજના દર્શન અંતિમ દર્શન છે. હવે પછી પ્રભુનો આવો તેજસ્વી ઔદારિક દેહ ફરી ક્યારેય જોવા નહિ મળે. પણ પ્રભુની આજ્ઞાપાલનના રસમાં ગૌતમને બીજો વિચાર સુદ્ધા નથી આવતો. ૮૦ વર્ષના ગૌતમ ૨૮ વર્ષના નવયુવાનની જેમ દેવશર્માને પ્રતિબોધ કરવા - પ્રભુનું વચન સાર્થક કરવા અપાપાપુરીની બહાર નીકળી ગયા.

૦-૦-૦

કારતકમાસની અમાવાસ્યાનો ત્રીજો પ્રહર પૂર્ણ થઈ ગયો હતો. ચતુર્થપ્રહરનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. સ્વાતિનક્ષત્રમાં ચંદ્રનો યોગ હતો. પ્રભુવીરને ચોવિહારા છટ્ઠની તપસ્યા હતી. પ્રભુનું આ અંતિમ

તપ હતું. પ્રભુની સાધનાનો પ્રારંભ છટ્ઠ તપથી થયેલ તો પ્રભુના આયુષ્યની પૂર્ણાહુતિ પણ છટ્ઠની તપસ્યાથી થયેલ. પ્રભુવીરે હજી હમણા જ સોળ પ્રહરની દેશના પૂર્ણ કરી હતી. તીર્થંકરનામ કર્મના પ્રભાવે પ્રભુના ચહેરા પર ક્યાંય ખેદ કે ગ્લાનિ વર્તાતા ન હતા. સૂર્યમુખી ફુલની જેમ પ્રભુનો દેહ અત્યંત સ્વસ્થ હતો. પ્રભુનું મુખ સૌમ્ય અને પ્રસન્ન હતું. આયુષ્ય પૂર્ણ થવાને થોડી જ ઘડીઓ બાકી હતી. સુધર્મા આદિ હજારો શ્રમણો, ચંદના આદિ શ્રમણીઓ, કાશી અને કૌશલ દેશના નવ લિચ્છવી જાતિના અને નવ મલ્લિક જાતિના એમ અઢાર ગણરાજાઓ તેમ જ અનેક શ્રાવક, શ્રાવિકાઓ, પ્રભુની સમક્ષ ઉપસ્થિત હતા. આ અઢાર રાજાઓ ચેટક (ચેડા) રાજાના સામંતરાજાઓ હતા. અમાવાસ્યાના દિવસે તેઓ ઉપવાસ રૂપ પૌષધવ્રતમાં હતા.

સમવસરણમાં વિરામ પામેલો વાણીનો પ્રવાહ ફરી વહેતો થયો. પ્રભુની ધર્મદેશનાનો મુખ્ય વિષય હતો... વિપાક. વિપાક એટલે ફળ. વિપાક એટલે શુભાશુભ કર્મપરિણામ. વિપાક એટલે પુણ્ય અને પાપકર્મોનું ફળ. જે આત્મા પાપ કરે છે તેને દુઃખની પ્રાપ્તિ થાય છે, અને જે આત્મા પુણ્યનું કાર્ય કરે છે તેને સુખની પ્રાપ્તિ થાય છે. ટૂંકમાં, જે કર્મના ફળનો અનુકૂળ અનુભવ થાય તે પુણ્ય અને જેનો પ્રતિકૂળ અનુભવ થાય તે પાપ.

યાદ રાખજો, જીવે જે કર્મ બાંધ્યા છે તેના ફળ આ જન્મમાં કે આગામી જન્મમાં ભોગવવા જ પડે છે. અનંતજ્ઞાનીઓનું આ વચન છે... **'कडाण कम्माण ण मोक्ख अत्थि'** કરેલા કર્મોનું ફળ ભોગવ્યા વિના આત્માનો છૂટકારો નથી.

સામાન્યથી સુખ સહુને પ્રિય છે, દુઃખ કોઈને ગમતું નથી. જેને દુઃખ જોઈતું નથી એણે પાપથી અટકવું પડે. એ માટે અન્યાય, અત્યાચાર, વેશ્યાગમન, પ્રજાપીડન, લાંચ-રુશ્વત, પંચેંદ્રિયની હિંસા, નિરપરાધી પશુઓને ત્રાસ, મદ્યપાન, કષાય, સ્વાર્થવૃત્તિ, ભોગ-આસક્તિ, યજ્ઞ, માંસભક્ષણ, નિર્દયતા, ચોરી, કામવાસના આદિ અધમ કૃત્યોનો ત્યાગ કરવો જોઈએ. જેઓ આવા અધમકાર્યો કરે છે તેઓ ઘોરકર્મ બાંધે છે. જેના ફળ રૂપે નરક આદિ દુર્ગતિમાં ઉત્પન્ન થઈ ભારે દુઃખો અનુભવે છે. મૃગાપુત્ર આનું સુપ્રસિદ્ધ ઉદાહરણ છે.

પ્રભુએ વિસ્તારથી મૃગાપુત્રની કથાનો પ્રારંભ કર્યો.

આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં મૃગાગ્રામ નામનું નગર હતું. ત્યાં વિજય નામનો ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો. એની પત્નીનું નામ હતું મૃગા. તે ખૂબ જ રૂપવતી હતી. સંસારસુખ ભોગવતા તેઓને એક પુત્ર થયો. એનું નામ પાડ્યું મૃગાપુત્ર.

પૂર્વકર્મના ઉદયથી જન્મતાની સાથે જ આ મૃગાપુત્ર આંધળો, મૂંગો, બહેરો, લુલો અને બેઢંગો હતો. એના શરીરના એક પણ અવયવના ઠેકાણા ન હતા. એના શરીરમાં હાથ, પગ, કાન આંખ અને નાક હતા જ નહિ. એ સ્થાને એનું ચિહ્ન કહી શકાય એવી આકૃતિ જ હતી. એ પણ ઠેકાણા વગરની હતી. એના કાન/આંખ/નાકના કાણા અને હૃદય સાથે જોડાયેલી નાડીઓમાંથી વારંવાર લોહી અને પરુ વહેતા હતા. વળી એ વાયુ રોગથી પીડાતો હતો.

માતા મૃગાદેવી આ બાળકને ભોંયરામાં ગુપ્તપણે રાખી એને ભોજનાદિ કરાવવા દ્વારા એનું પાલન - પોષણ કરતી હતી.

એ જ નગરમાં એક જન્માંધ પુરુષ રહેતો હતો. એની સહાયમાં એક દેખતો માણસ હતો. આ અંધ પુરુષ શરીરથી અત્યંત મેલો ઘેલો હતો. તેથી એની પાછળ માખીના ઝૂંડના ઝૂંડ બણબણ્યા કરતા. આવો આ માણસ મૃગાગ્રામમાં ઘેર ઘેર ભીખ માંગીને પોતાનું જીવન વીતાવતો હતો.

એક દિવસ આ ગામમાં મારા પગલા પડ્યા. ગામ બહાર સમવસરણ રચાયું. રાજા વિજય વિશાળ પરિવાર સાથે ધર્મદેશના સાંભળવા નીકળ્યો. હજારો લોકોની ચહલપહલથી પેલા જન્માંધ પુરુષે પોતાના

સહાયકને પૂછ્યું : 'આજે આ નગરમાં કોઈ મોટો ઉત્સવ મંડાયો લાગે છે. એના વગર આટલી બધી ચહલપહલ ન હોય.' એણે કહ્યું : 'હા, આજે શ્રમણ ભગવાન મહાવીર આપણી નગરીમાં પધાર્યા છે. એમના દર્શન - વંદનાદિ માટે સહુ ત્યાં જઈ રહ્યા છે.' આ સાંભળી જન્માંધ મનુષ્ય બોલ્યોઃ 'ચાલો, આપણે પણ પ્રભુની પાસે જઈએ.'

બંને જણા સમવસરણમાં આવ્યા. ત્રણ પ્રદક્ષિણા આપી. વંદના અને નમસ્કાર કર્યા. ત્યારબાદ સમસ્ત સભાએ ધર્મદેશનાનું શ્રવણ કર્યું. અંતે સહુ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા.

સમવસરણમાં જન્માંધ પુરુષને જોઈ ગૌતમે મને પ્રશ્ન કર્યોઃ 'ભગવંત! શું એવા પણ કોઈ પુરુષ હોય છે? જે જન્મથી જ અંધ હોય?'

મેં કહ્યુંઃ 'હા, ગૌતમ! એવા પણ પુરુષ હોય છે. અને આવા પુરુષ બીજે ક્યાંય નહિ - આ જ ગામના રાજા વિજય, રાણી મૃગાદેવીનો પુત્ર જન્મથી જ અંધ છે. એના શરીરના એક પણ અંગોપાંગના ઠેકાણા નથી. રાણી મૃગાદેવી આ બાળકનું ગુપ્તપણે લાલન - પાલન કરે છે.'

આ સાંભળી ગૌતમ મારી અનુમતિ લઈ મૃગાપુત્રને જોવા એના ઘરે પહોંચ્યા.

ગૌતમ સ્વામીને પોતાના આંગણે પધારેલા જોઈ મૃગાવતી અત્યંત આનંદિત થઈ ગયા. એમણે હાથ જોડી પૂછ્યુંઃ 'ભગવંત! આપ અત્યારે અત્રે કયા પ્રયોજનથી પધાર્યા?'

ગૌતમે કહ્યુંઃ 'દેવાનુપ્રિયે! હું તમારા પુત્રને જોવા આવ્યો છું.'

આ સાંભળી મૃગાદેવીએ મૃગાપુત્ર પછી જન્મેલા પોતાના ચાર પુત્રોને સુંદર વસ્ત્રો અને સારા અલંકારો પહેરાવી ગૌતમની પાસે લાવ્યા. અને કહ્યુંઃ 'આ ચાર મારા પુત્રો છે. આપ એને જોઈ લ્યો.'

એ જોઈ ગૌતમે કહ્યુંઃ 'મૃગા! તમારા આ સંતાનોને જોવા નથી આવ્યો. હું તો તમારા એ જ્યેષ્ઠ પુત્રને જોવા આવ્યો છું... જે જન્મથી અંધ છે. જેને તમે ભોંયરામાં છુપાવી દીધો છે.'

આ સાંભળી મૃગા આશ્ચર્યમાં પડી ગયા.

'ભગવંત! આપને આ ગુપ્ત રહસ્યની ક્યાંથી ખબર પડી?'

મારા ધર્માચાર્ય શ્રમણ ભગવાન મહાવીરે મને આ વાત કરી છે.

બંને વચ્ચે આ સંવાદ ચાલતો હતો, એ જ સમયે મૃગાપુત્રના ભોજનનો સમય થઈ ગયો. રાણી મૃગાએ ગૌતમને કહ્યુંઃ 'પ્રભુ! આપ થોડીવાર અહીં ઊભા રહો. હું હમણા જ મારા જ્યેષ્ઠપુત્રના આપને દર્શન કરાવું છું.'

આમ કહી રાણી મૃગા ભોજનાલયમાં ગઈ. ત્યાં જઈ વસ્ત્રો બદલાવ્યા, ત્યારબાદ બળદગાડા આકારની નાની ગાડીમાં વિપુલ પ્રમાણમાં ભોજનના ભાજન મૂકી - એ ગાડીને ખેંચતી ગૌતમ સ્વામી પાસે આવી... અને કહ્યુંઃ 'પ્રભુ! આપ મારી પાછળ પાછળ પધારો.'

બંને જણા જેવા ભોંયરામાં આવ્યા કે મૃગાદેવીએ પોતાનું મુખ ચારપડવાળા વસ્ત્રથી બાંધી લીધું, તેમ જ ગૌતમસ્વામીને પણ મોઢે મુહપત્તી બાંધવાની વિનંતી કરી. ગૌતમસ્વામીએ તરત જ મોઢે મુહપત્તી બાંધી.

જેવા ભોંયરાના દરવાજા પાસે બંને આવ્યા કે મૃગાએ મોઢું ઉલ્ટું કરી દરવાજો ખોલ્યો. દરવાજો ખુલતા જ ભયંકર દુર્ગંધ છુટી. આ દુર્ગંધ કેવી હતી? સડી ગયેલા - ગળી ગયેલા ગાય, ભેંસ, બિલાડી, ઉંદર, કુતરા, હાથી, ઘોડા, સિંહ, વાઘ, બકરા આદિના જે મડદા હોય, જેમાં અસંખ્ય કીડાઓ ખદબદતા હોય, જે અત્યંત વિકૃત અને અશુચિમય હોય, જોવામાં જે ભયંકર બીભત્સ હોય... એની જે દુર્ગંધ હોય... એ કરતા પણ કંઈ ગણી અનિષ્ટ, અકાંત, અપ્રિય અને અમનોજ્ઞ એ દુર્ગંધ હતી.

રાણી મૃગાએ સાથે લાવેલું ભોજન મૃગાપુત્રને

*(અનુસંધાન પાના નં. ૯ ઉપર)*

**(૨૯) સમ્યકત્વ પરાક્રમ :** સંવેગ-નિર્વેદ, શ્રદ્ધા, આલોચના વગેરે સમ્યકત્વના ૭૩ લક્ષણો બતાવ્યા છે. ૭૩ પ્રશ્નોના જવાબો છે. અને સાચુ પરાક્રમ મોક્ષમાં જવા સ્વરૂપે છે. જે અભવ્ય ન કરી શકે. ભવ્ય જ કરી શકે આ રીતે પરંપરાએ કેવળ જ્ઞાન અને કેવળ દર્શનની પ્રાપ્તિ થાય છે.

**(૩૦) તપોમાર્ગગતિ :** અનાદિકાળના કર્મોનો નાશ તપ દ્વારા થાય છે તે તપ બે પ્રકારે છે. બાહ્ય અને અભ્યંતર બંનેના ૬-૬ પ્રકાર છે. *તપસા નિર્જરા !* તપથી નિર્જરા થાય છે. તપસ્વીમુનિઓ જલ્દી મોક્ષે જાય છે.

**(૩૧) ચરણવિધિ :** આ અધ્યયનની પ્રથમ ગાથામાં ચારિત્ર સંબંધી પ્રતિજ્ઞા દર્શાવી છે. પછી ૧થી લઈ ૩૩ સંખ્યા સુધી દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનાનું વર્ણન છે. જેમ કે બે રાગ-દ્વેષનો ત્યાગ કરે. ત્રણ જ્ઞાન દર્શન ચારિત્રને આરાધે મન દંડ, વચન દંડ, કાય દંડ ને છોડે. ૩ ગારવ, ૩ શલ્યો છોડે. ૪ વિકથા કષાય ત્યાગે ઈત્યાદિ ૩૩ સુધી છે.

**(૩૨) અપ્રમાદ :** જે આત્માનું હિત ચાહે તે પ્રમાદ છોડે. પ્રમાદને છોડવા માટે જોરદાર ઉપદેશ આપ્યો છે. પ્રમાદી સંસાર સાગરમાં ડૂબી જાય છે.

**(૩૩) કર્મપ્રકૃતિ :** ૮ કર્મો તેના ૧૫૮ ભેદો બંધ ઉદય-ઉદીરણા સત્તા વગેરેથી આત્માને થતું નુકસાન. કઈ પ્રકૃતિ ક્યારે બંધાય વગેરે વર્ણન છે. કર્મબંધ અટકાવવા માટે કર્મ પ્રકૃતિનું જ્ઞાન જરૂરી છે.

**(૩૪) લેશ્યા :** આ અધ્યયનમાં ૬ લેશ્યાનું વર્ણન છે. લેશ્યા એટલે મનના અધ્યવસાયો. શુભ-અશુભ લેશ્યા તેની સ્થિતિ આદિનું વર્ણન છે.

**(૩૫) અણગારમાર્ગ :** ઘર છોડીને મુનિ બન્યા પણ સાધુનો આચાર માર્ગ કેવો હોય? હિંસા, ચોરી, જૂઠ-અબ્રહ્મ-ઈચ્છા-કામ-લોભ રાગ-દ્વેષ વગેરેથી મુનિ દૂર રહે. જીવ વિરાધન થાય તેવા આરંભ સમારંભ કરે નહીં, કરાવે નહીં. મહાવ્રતો પાળે. નિર્દોષ આહાર લે. અનાચાર ન સેવે. કાયાની માયા છોડી આત્મ ધ્યાનમાં લીન રહે.

**(૩૬) જીવાજીવ વિભક્તિ અધ્યયન :** સૌથી મોટું ૨૬૯ ગાથાનું આ અધ્યયન છે. જીવ-અજીવ ભેદનું જ્ઞાન પ્રાપ્ત કરવાથી સાચુ સાધુપણું પ્રાપ્ત થાય. એટલે આમાં જીવ કોને કહેવાય, જીવનો ભેદ વગેરેનું વર્ણન કર્યું છે. તેમ જ અજીવનું પણ વર્ણન કર્યું છે. ધર્માસ્તિકાય આદિ અરૂપીના દશભેદ, આકાશનું વર્ણન, લોકાકાશ અને અલોકાકાશ, વર્ણ-ગંધ, રસ, સ્પર્શ વગેરે સચોટ વર્ણન છે.

આ સૂત્ર ઘણું જ મહાન સૂત્ર છે. જે સદૈવ ઉત્તરાધ્યયન સૂત્રનો સ્વાધ્યાય કરે તે પરિત્ત સંસારી થાય છે. એક એક અધ્યયનના અધિષ્ઠાયક એક એક ઈન્દ્ર છે એમ કહેવાય છે.

*(ક્રમશઃ)*

---

*ઘેર બેઠાં પ્રવચન - (અનુસંધાન પાના નં. ૧૫ ઉપરથી)*

ખવડાવ્યું. ગર્ભથી જ તેને ભસ્મક રોગ થયો હોઈ ભોજન પેટમાં જતા જ તે તરત પચી ગયું. તેમ જ થોડીવારમાં લોહી અને પુરમાં પરિવર્તિત પણ થઈ ગયું. તે પછી મૃગાપુત્રએ એ લોહી / પરુનું વમન કરી નાખ્યું... એટલું જ નહિ, પોતે જ કરેલા લોહી/ પરુમય વમનને પોતે જ ચાટી ગયો.

આ જોઈ ગૌતમને વિચાર આવ્યો... અહો! આ જીવ પૂર્વજન્મોના કેવા ઘોર પાપોનું ફળ આ ભવમાં ભોગવી રહ્યો છે. નરક અને નારકી તો મેં ક્યારેય જોયા નથી પણ મૃગાપુત્રની વેદના સાચે જ નારકીય વેદનાઓને યાદ કરાવે તેવી છે.

આવા વિચાર કરતા ગૌતમ રાણીમૃગાની અનુમતિ લઈ મારી પાસે આવ્યા. વંદન કરી મને પૂછ્યુંઃ 'ભગવંત! ગયા ભવમાં આ બાળકે એવા કેવા કર્મ બાંધ્યા જેથી અત્યારે આવા ઘોર દુઃખો અનુભવી રહ્યો છે?'

મેં ગૌતમને મૃગાપુત્રનો પૂર્વજન્મ કહ્યો.

(ક્રમશઃ)